ક્રમાંકઃપ્રાશિનિ./નીતિ/ક/શિ.સેટઅપ/૧૩/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર તા. ૧૧/૯/૧૩

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ.(તમામ)
- શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, (તમામ)

વિષયઃ- ૩૧/૮/૨૦૧૩ ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી- શિક્ષકના પ્રમાણને અનુલક્ષીને શિક્ષક સેટઅપ રજીસ્ટર તૈયાર કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વેના અનુસંધાને જણાવવાનું કે, આપના જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓનું તા.૩૧/૦૮/૨૦૧૩ની સ્થિતિએ વિદ્યાર્થી- શિક્ષકના પ્રમાણને અનુલક્ષીને આ સાથે સામેલ રાખેલ નમૂના અને આપેલી સૂચનાઓ અનુસારના શિક્ષક સેટઅપ રજીસ્ટર તા.૨૧/૦૯/૨૦૧૩ સુધીમાં તૈયાર કરવા જણાવવામાં આવે છે. આપના જિલ્લાના સેટઅપ રજીસ્ટર તૈયાર થયા બાદ કેમ્પ રાખી સેટઅપ રજીસ્ટરની ચકાસણી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

(ડો.ભરત પંડિત)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બિડાણઃ-
(૧) પત્રક નં- ૧ (શાળાવાર શિક્ષક, વિદ્યાર્થીની માહિતી દર્શાવતું પત્રક)
(૨) પત્રક નં- ૨ (તાલુકાવાર શિક્ષક, વિદ્યાર્થીની માહિતી દર્શાવતું પત્રક)
(૩) પત્રક નં- ૩ (જિલ્લાવાર એકંદર પત્રક)

# સેટઅપ અંગેની સુચનાઓ

(1) ધો. 1 થી 5 અને ધો. 6 થી 8 માટે વિદ્યાર્થી સંખ્યાને ધ્યાનમાં લઈ નીચે દર્શાવ્યા મુજબ શિક્ષક મહેકમની ગણતરી કરવાની રહેશે.

| ધો. 1 થી 5 ના માટે | | |
|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીની સંખ્યા | શિક્ષકની સંખ્યા |
| (1) | 60 વિદ્યાર્થીઓ સુધી | 2 |
| (2) | 61 થી 90 વિદ્યાર્થીઓ સુધી | 3 |
| (3) | 91 થી 120 વિદ્યાર્થીઓ સુધી | 4 |
| (4) | 120 થી 200 વિદ્યાર્થીઓ સુધી | 5 |
| (5) | 200 થી ઉપરના વિદ્યાર્થીઓએ (શિક્ષક રેશિયો: દર 40 વિદ્યાર્થી દીઠ એક શિક્ષક) | શિક્ષક રેશિયો 1:40 |

| ધો. 6 થી 8 ના માટે | | |
|---|---|---|
| ક્રમ | વિગત | શિક્ષકની સંખ્યા |
| (1) | ફક્ત ધોરણ 6 થી 8 માટે જ | ઓછામાં ઓછા 3 |
| (2) | ધોરણ 6 અને 7 હોય ત્યાં | ઓછામાં ઓછા 2 |
| (3) | ધોરણ 6 હોય ત્યાં (35 સંખ્યા સુધી) | ઓછામાં ઓછો 1 |
| (4) | દરેક ધોરણમાં દરેક 35 વિદ્યાર્થી દીઠ | ઓછામાં ઓછો 1 |

(2) ધો. 1 થી 5 (પ્રાથમિક) અને ધો. 6 થી 8 (ઉચ્ચ પ્રાથમિક) વિભાગ માટે અલગ-અલગ શિક્ષકોનું મળવાપાત્ર મહેકમ, મંજૂર મહેકમ અને કામ કરતા શિક્ષકોની ગણતરી કરવાની રહેશે.

(3) જે વિભાગમાં શિક્ષકો કામ કરતા હોય તેને તે વિભાગમાં કામ કરતા શિક્ષક તરીકે ગણતરીમાં લેવાનું રાખવું.

* * * * * *